ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૨-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### જાતે જ નાવ ડુબાડતા માંઝી

બિહાર વિધાનસભામાં શક્તિ પરિક્ષણ પૂર્વે જ મહાદલિત મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ રાજયપાલને મળીને રાજીનામું આપી દઇ કહેવાતો 'માસ્ટર સ્ટ્રોક' લગાવવાની કોશિશ કરી છે. અલબત્ત બિહારની અને દેશની પ્રજામાં એ કેટલો ઝિલાશે તે પ્રશ્ન જ છે. આજથી આઠ-નવ મહિના અગાઉ નીતીશ કુમારની આગેવાની હેઠલની સરકારમાં ચૂપચાપ સમાજ કલ્યાણ મંત્રી પદે કાર્યરત માંઝીને બિહાર બહાર ભાગ્યે જ કોઇ ઓળખતું હતું. ભાજપના ઇશારે માંઝીએ ઉંદરમાંથી વાઘ થઇ જવાની મજા માણી લીધી પરંતુ મૂળે એમને ઉંદરમાંથી વાઘ બનાવનાર તો એમના રાજકીય 'આકા' નીતીશકુમાર હતા. પેલા પંચતંત્રના ઋષિની જેમ 'પૂનર્મૂષકો ભવ' કહી જેને ઉંદરમાંથી વાઘ બનાવેલા તે મહાદલિત મુસહરને ફરી ઉંદર બનાવવામાં હાલ પૂરતો તો 'પૂર્વ મુખ્યમંત્રી' અને 'ભાવિ મુખ્યમંત્રી' સફળ થયા લાગે છે, પણ જીતનરામ માંઝી હવે ભાજપના હાથમાં એક સશક્ત હથિયાર તરીકે ઊપસી આવ્યા છે. માંઝીને રાજકીય 'શહીદ'નું સન્માન આપી ભાજપ એની ભાવિ વ્યૂહરચનામાં એમનો ભરપૂર દુરુપયોગ કરશે એમાં શંકાને સ્થાન નથી. માંઝી અગાઉ નીતીશ કુમારના હાથનું મહોરું હતા, હવે તેઓ સુશીલ મોદી - અમિત શાહ અને નરેન્દ્ર મોદીના હાથમાં રમકડાં તરીકે રજૂ થશે. મહાદલિત વોટબેંકને દલિત વોટબેંકથી જુદી તારવી બિહારમાં દલિતોના મસીહા ગણાતા રામવિલાસ પાસવાનના પ્રભાવ ક્ષેત્રમાં બાકોરું પાડવાની રાજકીય ચાલના પરિપાક જેવા જીનતરામ માંઝી, નીતીશકુમારના કહ્યાગરા કાર્યકર્તા હતા એમનું આગવું વજૂદ હતું જ નહીં. એટલે જયારે બિહારમાં મોદી-ત્સુનામીએ લોકસભાની ચૂંટણીમાં સપાટો બોલાવી દીધો ત્યારે 'નૈતિક' ધોરણે મુખ્યમંત્રીપદું છોડીને નીતીશકુમારે રબર સ્ટેમ્બ - મુખ્યમંત્રી તરીકે માંઝીને મુખ્યમંત્રીની ગાદી સોંપી દઇ રિમોટ કંટ્રોલથી રાજ કરવાની વ્યૂહરચના અપનાવી હતી. આવું સત્તા ત્યાગનું પગલું હકીકતમાં પ્રજાને મૂર્ખ બનાવવા માટેનું જ હતું. અગાઉ લાલુપ્રસાદ યાદવે એમનાં અભણ ધર્મપત્ની રાબડી દેવીને મુખ્યમંત્રી બનાવીને રિમોટ કંટ્રોલ દ્વારા જેલમાં બેઠાં બેઠાં રાજ ચલાવેલું તે ઘટનાનું પુનરાવર્તન કરવાનો આ પ્રયાસ ગણતરીપૂર્વકનો હતો. મોટા ઉઘાડે પોતે મુસહર (ઉંદર મારી ખાનારી) કોમના 'મહાદલિત' ને મુખ્યમંત્રી પદે બેસાડવાનું ગૌરવ લેનારા નીતીશકુમાર અને એમના જનતા દળ (યુ) ના શરદ યાદવ જેવા એકલવીર અધ્યક્ષને સ્વપ્ને પણ કલ્પના નહોતી કે મુખ્યમંત્રીની ગાદી પર બેઠા પછી માંઝી આડા પણ ફાટી શકે! આખરે એ સેવક હતા, રાબડી દેવીની જેમ નીતીશની ધર્મપત્ની તો હતા નહીં! આ તકનો લાભ કેન્દ્રની નેતાગીરીના ઇશારે ભાજપના પ્રદેશ એકમે લઇ લીધો અને વચગાળાના કહ્યાગરા મુખ્યમંત્રી તરીકે નિયુક્ત થયેલા માંઝી આડેધડ જદ (યુ) ને મૂંઝવણમાં મૂકતાં નિવેદનો ઝીંકવા લાગ્યા. ભાજપે ભારે કુનેહપુર્વક જનતા દળ (યુ)ની અંદર ફાટફૂટ ઊભી કરાવી, તે એની રાજકીય સફળતા જરૂર ગણાશે, પરંતુ જનમાનસમાં એની આ કૂટનીતિ ઊઘાડી પડી જવા પામી છે. બીજી તરફ કંટાળી ગયેલી જદ (યુ) નેતાગીરીને માંઝીને વિધાનસભા પક્ષના નેતા તરીકે જ નહીં બલકે પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ બરતરફ પક્ષના નેતા તરીકે જ નહીં બલકે પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ બરતરફ કરવા પડ્યા એથી એને મહાદલિત જનસમુદાયમાં અપ્રિય થવું પડ્યું છે. હવે નીતીશકુમાર હાલ પૂરતાં તો એમની બહમતીનાં જોર પર મુખ્યમંત્રી બની જશે, કારણ કે રાજયપાલ પાસે એમની બહુમતીને અવગણવાનું કોઇ કારણ બચતું નથી અને રાષ્ટ્રપતિ શાસન લાદવાનું કે માંઝીની સલાહ મુજબ વિધાનસભા ભંગ કરવાનું પગલું ભાજપ માટે બૂમરેંગ થઇ શકે એમ છે. આખા એપિસોડમાં માંઝી મૂર્ખ ઠર્યા છે અને વણિક સુશીસ મોદી કે કેન્દ્રીય ભાજપ નેતાગીરીની ચાલાકી ખૂલ્લી પડી ગઇ છે. માંઝીને ભાજપનું સમર્થન હોવા છતાં તેઓ વિધાનસભાના પટલ પર બહુમતી સાબિત કરી શકે એમ નહોતા.

# નર્સિંગ કોલેજમાં વૈકલ્પિક અને સહયોગી સારવાર અંગે વર્કશોપ યોજાયો

## ગુજરાત નર્સિંગ કાઉન્સીલના રજિસ્ટ્રાર કુ. જે.એસ. પાટીદાર ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સે. ૧૨માં સી.એમ. પટેલ નર્સિંગ કોલેજમાં આજે એમએસસીના બીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા 'વૈકલ્પિક અને સહયોગી સારવાર' અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ગુજરાત નર્સિંગ કાઉન્સીલના રજિસ્ટ્રાર કુ. જે.એસ. પાટીદાર મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતા.

આ વર્કશોપનું ઉદ્દ્ઘાટન કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વૈકલ્પિક તબીબી પદ્ધતિ પર લકુલીશ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. નાગરાજે વક્તવ્ય રજુ કર્યું હતું. યોગ દ્વારા થતા ફાયદા વિશે રૂદ્રાક્ષ હોસ્પિટલના ડૉ. દિપક પટેલે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. જીએમઈઆરએસના સાયકાસ્ટ્રિક વિભાગના એસોસિએટ પ્રાધ્યાપક ભાવેશ લાકડાવાલાએ 'માઈન્ટ બોડી ટેકનિક' વિષય પર પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. આ ઉપરાંત ફિઝિયોથેરાપીસ્ટ ડૉ. હાર્દિક દ્વારા ઉર્જા ઉપચાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નર્સિંગ કોલેજના આચાર્યા રવિનાબેને પણ અલ્ટરનેટ થેરાપીનો નર્સિંગ વ્યવસાયમાં ક્યાં ક્યાં અમલ કરી શકાય તે અંગે પ્રકાશ પાડ્યો હતો.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ વર્કશોપમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણપત્રો એનાયત કરાયા કરાયા હતા. વર્કશોપના અંતે વાઈસ પ્રિન્સિપાલ પાલ્ગુનીબેન મોદીએ આભાર પ્રગટ કર્યો હતો.



(તસવીર : સમીર રામી)

# સેક્ટર-૧૫ સરકારી વિનયન કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજનો વાર્ષિકોત્સવ આજે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક અને સંગીતમય કાર્યક્રમો રજુ કર્યા હતા.

શહેરના સેક્ટર-૧૭ સ્થિત ટાઉનહોલમાં સરકારી વિનયન કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. કોલેજના વિદ્યાર્થીઓએ કાર્યક્રમ દરમિયાન પંજાબી નૃત્યુ, રાજસ્થાની નૃત્ય, ગુજરાતી ભલા મોરી ડાન્સ, માઈમ નાટક, રીફન્ડ નાટક એકપાત્રીય અભિનય, ગૃપ ડાન્સ અને ફેશન શૉ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ પણ વિવિધ કાર્યક્રમો રજુ કરી આમંત્રિતો અને મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત નિષ્ણાંત જજ લીનાબેન સ્વાદીયા અને આર.એસ. પવારે ગુજરાતી ભલા મોરી રામા ગૃપ ડાન્સને પ્રથમ ક્રમે વિજેતા જાહેર કર્યો હતો. અંતે કોલેજ પરિવાર અને આમંત્રિતોના હસ્તે સ્પોર્ટસ, સાંસ્કૃતિક કાર્યક્રમ વિવિધ સ્પર્ધા એન.એસ.એસ.માં યુનિવર્સિટી અને જિલ્લા કક્ષાએ કોલેજને ગૌરવ અપાવનાર ૭૦ જેટલા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ વાર્ષિકોત્સવમાં કોલેજના આચાર્ય ડૉ. યોગેશ યાદવ, એસ.જી. દેસાઈ, ડૉ. મમતા બુચ, ડૉ. હર્ષદ પરમાર, રાહુલભાઈ, નરેન્દ્રભાઈ પરમાર, વનરાજસિંહ જાડેજા, જોલીબેન દેસાઈ, માધવીબેન, નચિતાબેન શર્મા, અશોકભાઈ લેઉવા વગેરેએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.




(તસવીર : કશ્યપ નિમાવત)

## રવિવારે રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રોહિત સમાજ દ્વારા લગ્નોત્સુક યુવક-યુવતિઓનો જીવનસાથી પસંદગી મેળો આગામી ૨૨ ફેબ્રુઆરી રવિવાર, બપોરે ૧.૦૦ વાગે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. આ પ્રસંગે અતિથિ તરીકે ધારાસભ્ય આર.એમ. પટેલ ઉપસ્થિત રહેશે. તેમજ આ પ્રસંગે પરિચય પુસ્તિકા તૈયાર કરવામાં આવશે. મોટી સંખ્યામાં રોહિત સમાજના લગ્નોતુસક યુવક-યુવતિઓને ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખ રોહિતભાઈ પટેલ અને મુકેશભાઈ મકવાણાએ અનુરોધ કર્યો છે.

## રાજપૂત સમાજનો ૧૮મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા અઢારમો સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. ૨૨ ફેબ્રુઆરી રવિવારના રોજ ગાંધીનગરના રાંધેજા માર્કેટ યાર્ડ ખાતે યોજાશે. સમૂહ લગ્નોત્સવમાં ૭૨ યુગલો પ્રભુતામાં પગલા પાડી જીવનની સફર શરૂ કરશે. સમારંભના અધ્યક્ષ તરીકે શંકરસિંહ વાઘેલા, વિરોધ પક્ષના નેતા ગુજરાત વિધાનસભા, મુખ્ય મહેમાન તરીકે ડૉ. સી.જે. ચાવડા, પૂર્વ ધારાસભ્ય અને લાલજીભાઈ રબારી સહિત સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

# ગાયત્રી પ્રજ્ઞાપીઠ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાયત્રી પ્રજ્ઞાપીઠ દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. આગામી ૨૨ ફેબ્રુઆરી, રવિવારના રોજ શ્રી ચંન્દ્રપ્રસાદ દેસાઈ હોલ બાપુનગર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. તેમજ સમુહ લગ્નોત્સવ દરમિયાન રક્તદાન સિબિર યોજાશે. ગાયત્રી પ્રજ્ઞાપીઠ દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી માસમાં સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવે છે. આ સમૂહ લગ્નોત્સવમાં ૨૪ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. આ પ્રસંગે જીતુભાઈ ભાવસાર, રમેશભાઈ જોષી, મહિપનારાયણ શુકલા, ગોરધન પટેલ સહિતના સેવાભાવીઓ ઉપસ્થિત રહી પ્રસંગને પૂર્ણ કરશે.

## હરિની દૃષ્ટિ...




ડોક્ટર સાહેબ, બાબાને છીક આવે છે, વાઇફને તાવ આવે છે.. અને મને નાક ગળે છે... તો સ્વાઇન ફ્લુના બધા લક્ષણ મળીને, અમને સ્વાઇન ફ્લ્યુ થયો કહેવાય... ??

## આર.જી. કન્યા અને એસ.બી. પટેલ શાળામાં શુભેચ્છા અને વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૨૩ શ્રીમતિ આર.જી. કન્યા માધ્યમિક અને શ્રીમતિ એસ.બી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ-૧૦ અને ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા સમારોહ યોજાયો હતો. વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માહિતી આપવામાં આવી હતી.

ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે તેમજ વિદ્યાર્થીઓ પોતાની શાળાને છોડી આગળ અભ્યાસ કરવા માટે અન્ય સંસ્થામાં જઈ રહ્યા છે. ત્યારે સેકટર-૨૩ આર.જી. કન્યા એસ.બી. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓનો શુભેચ્છા અને વિદાય સમારોહ યોજાયો હતો.

શાળાના રમણાઈએ સમારોહમાં વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે પરીક્ષાને આડે હવે વધુ સમય બાકી નથી રહ્યો ત્યારે સંપૂર્ણ ધ્યાન અભ્યાસ ઉપર રાખવા અને સમયનો સદઉપયોગ કરવા જણાવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન અનિલભાઈ રાવલ, રમેશભાઈ ભાલવિયાએ કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ શાળા અને ગુરૂજીઓ પ્રત્યે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## આજે સરદાર પટેલ ગેમ્સ ફેસ્ટિવલનો સમાપન સમારોહ

ગાંધીનગર, તા. ૨૦

સપોર્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ ઓપન ચેમ્પિયનશીપ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. નગરની ૭૦ જેટલી ક્રિકેટ ટીમોએ ભાગ લીધો છે. ત્યારે આજરોજ ચ-૩ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ મેચમાં સી.એમ. કમાન્ડો ટીમે એસ.ટી.ઈ.ટી. ટીમ સામે વિજય ઈલેવન સામે ડેવિલ ઈલેવન સામે અનો લગાન ઈલેવન સામે ડે ક્રિકેટ ટીમ વિજયી બની છે.

૧૫ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં આજરોજ શનિવારે સમાપન યોજવામાં આવશે. બપોરે ૩.૦૦ વાગે ચ-૩ ગ્રાઉન્ડ પર ગોરધન ઝડફિયાની ઉપસ્થિતિમાં વિજેતા ટીમોને મોમેન્ટો આપવામાં આવશે. જેમાં સ્પોટ્ર્સ ઓફ ઈન્ડિયાના પ્રમુખ રાકેશ પાન્ડે ઉપસ્થિત રહેશે.

## એન.આઈ.સી.એમ. કોલેજમાં ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી નજીક આવેલ એન.આઈ.સી.એમ. કોલેજમાં વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ સુંદર પ્રદર્શન કરી સુપરસ્ટાઈકર ટીમ વિજેતા જાહેર થઈ હતી.

ગાંધીનગર શહેરમાં સ્થિત એન.આઈ.સી.એમ. કોલેજમાં સાત દિવસીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં વિજેતા થનાર ટીમના કેપ્ટન નિહાલ પટેલ તથા સાથી ખેલાડી ધવલ, કૃણાલ, બ્રિજેશ જય, જયદિપ, મહેશ, રાજીવ, દિવ્યેશ. જૈમિન, સંજય, વિશાલ, અભિ અને પંકજ કુંભાણી તથા કપીલ ખાનપરા અને ડિરેક્ટર ડૉ. જુનારે અભિનંદન પાઠવ્યા હતા.

# લલાટ રેખાઓને ઘસવી પડી છે, ઘણી વેળાઓને હસવી પડી છે

## અદબ પલાઠી મોં પર આંગળી
- ડો. સંતોષ દેવકર

પોતાની રીતે જીવન જીવતા લોકો અસંખ્ય છે અને અન્યને ધ્યાનમાં રાખીને જીવતા લોકોનો પણ તોટો નથી. 'લોકો શું કહેશે' એ વિધાન પર આખી જિંદગી પસાર કરતાં હોય છે. લોકોના ડરથી ડરી જઈને સુંદર જિંદગી માણવાનું ભૂલી જતા હોય છે. પોતાની જાતને કેન્દ્રમાં રાખીને જીવતા લોકો અન્યની પરવા કરતાં નથી. 'પડશે તેવી દેવાશે.' માં માનનારા હોય છે. પોતાનામાં ખુશ રહેનારા અને પોતાનું મન કહે તેમ કરનારા ખુશમિજાજીઓ-મનમોજી હોય છે.જીવનમાં કેટલીક બાબતો હસવા જેવી તો કેટલીક હસી કાઢવા જેવી હોય છે.

જિંદગીકી રાહોં મેં ગમભી સાથ ચલતે હૈ
કોઈ ગમ મેં હસતા હૈ તો કોઈ રોતા હૈ

જિંદગી જીવવાની જડી બુટ્ટી કઈ? જીવન જીવવાની કળા શી? હસતા રમતા જીવન પસાર કરી શકાય તેવી માસ્ટર કી અસ્તિત્વમાં ખરી ? કહેવાય છે કે ઈંડાને બહાર થી પ્રેસર કરો તો જીવન બરબાદ થાય છે. જો ઈંડાની અંદરથી પ્રેશર આવે અને ઈંડું તૂટે તો જીવન અસ્તિત્વમાં આવે છે. પાંખો ફફડાવતું પંખીનું બચ્ચું ઈંડામાંથી બહાર નિકળે છે ને વિશાળ ગગનમાં વિહરે છે.

કેટલાક મહાનુભાવોને નાની નાની વાતે ટેન્શનમાં આવી જતાં આપણે જોયા હશે. સ્હેજ નાની અમથી વાત ને મોટી બનાવી દઈ ખૂબ મોટું ટેન્શન માથે લઈ લેતાં હોય છે. આપણે જયારે આપબીતી સાંભળીએ અને વાર્તા પૂરી થાય ત્યારે ખબર પડે કે વાતમાં કઈ દમ નથી, વાતમાં ટેન્શન કરવા જેવું કંઈ છે જ નહિ.

એક વાર એક ભાઈએ ઝાડના થડને બાથ ભીડી દીધી. ખૂબજ મજબુત રીતે બાથ ભીડીને જોર જોરથી બૂમો પાડવા લાગ્યો, 'મને છોડાવો, મને છોડાવો.' તેની બૂમો સાંભળીને ગામ લોકો ટોળે વળી ગયા. ઝાડની ફરતે એકઠા થઈ ગયા. સૌ તેની દયા ખાવા લાગ્યા. બિચારો છોડાવવાની બૂમો પાડે છે પરંતુ કોઈ તેને છોડાવતું નથી. એટલામાં એક સમજણો પુરુષ ત્યાંથી પસાર થાય છે તેણે આખુ દૃશ્ય જોયું ને ક્ષણવારમાં વાતને પામી ગયો. તે નજદીક આવ્યો અને બુમો પાડનાર ભાઈને પૂછ્યું, શું થયું ? તેણે કહ્યું, મને છોડાવો, કૃપા કરી મને છોડાવો.

સજ્જન પુરુષે કહ્યું, ભાઈ, અહીં તમને કોણે પકડી રાખ્યા છે ? તમે તો છુટ્ટા જ છો. તમને કોઈએ બાંધી રાખેલા નથી. ઊલટાનું તમે જ આ વૃક્ષને બાથભીડીને ઊભા છો. સ્હેજ તમારા હાથ પહોળા કરો અને થોડાક આઘા ખસો. એ વ્યક્તિએ તેમ કરતાં તે છુટી ગયાનો - મુક્ત થવાનું માનવા લાગ્યા. ત્યારે એ સજ્જન પુરુષે સમજાવતા કહ્યું, ભાઈ, જીવનમાં આપણે જ કેટલાક પ્રશ્નોને પકડી રાખીએ છીએ. ખૂબજ નાની-નાની બાબતોને મોટી કરી દઈએ છીએ અને દુ:ખી થઈએ છીએ. જયાં સુધી આપણે ન સ્વીકારીએ ત્યાં સુધી કોઈ સમસ્યા આપણને સમસ્યા તરીકે લાગશે નહિ. બધો આધાર આપણા સ્વીકાર ઉપર છે. આપણે સામે ચાલીને ઝાડને બાથ ભિડનારાઓની સંખ્યા ઓછી નથી. સામેચાલીને મુશ્કેલીને પોતીકી કરી લેનારાઓ અસંખ્ય છે.



ભગવાન કૃષ્ણ ગીતામાં કહે છે કે 'ત્યવાયો ન વિદ્યતે'. દુ:ખો જેવું કશું છે જ નહિ, બધું આપણા મનનું કારણ છે. કોઈપણ વાતને કેટલી મોટી કરવી-નાની કરવી, આપણે દુ:ખી થવું કે ના થવું, સમસ્યાને હસી કાઢવી કે પોતે હાસ્યાસ્પદ બનવું બધો આધાર આપણા ઉપર હોય છે. આ તબક્કે જલન માતરી યાદ આવે છે. જલન નોંધે છે.

મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે જલન
જીવનના ઠેસની તો હજી કળ વળી નથી.

એક કલાકાર હતો. એક દિવસ એક વ્યક્તિએ રોજ નાટકમાં કામ કરે. તેને પુછ્યું કે નાટકમાંથી તમે તમારી જિંદગીમાં શું શીખ્યા? નાટકના એ કલાકારે સરસ વાત કરી. તેણે કહ્યું - નાટકમાંથી એક જ વસ્તુ હું શીખ્યો છું એ તમારો રોલ પૂરો થઇ જાય એટલે તમારે સ્ટેજ છોડી દેવાનું છે. આપણે કંઇ છોડતાં નથી એટલે જ દુ:ખી થઇએ છીએ! આપણને ઘણી વખત તો ખબર જ નથી પડતી કે આપણો રોલ કયાં પૂરો થાય છે!

કેટલીક બાબતો જે આપણા હાથમાં હોવા છતાં તે મારા હાથની વાત નથી એ વિચાર માત્રથી આપણે મન ઉપરનો કાબુ ગુમાવતા હોઈએ છીએ. હું કરી શકું છું અને હું જ કરી શકું . આ વાત આપણને શક્તિદાયક લાગે છે. આપણી અંદર ઉર્જા ઊભી કરે છે. અંદરથી ઊભી થયેલી ઊર્જા આપણને નવી દિશા બતાવે છે. નવી દિશાએથી આવેલા વિચારો નવપલ્લવિત અવસ્થામાં લઈ જાય છે.

આપણે નકકી કરવાનું છે કે આપણે ઝાડને બાથ ભીડી છે કે ઝાડે આપણને પકડી રાખ્યું છે. કોણ કોને પકડે છે અને કોને પરાસ્ત કરે છે તેની પર જીવનની પ્રસન્નતાનો આધાર છે.કેટલાક મિત્રોને સામેથી દુ:ખ વહોરી લેવાનો અભરખો

હોય છે. ત્યારે ત્યાં બધી જ ફીલસુફી લાચાર બને છે.
મિસરીના બેફામ સાહેબનો એક શેર માણીએ :
શીર્ષક પંક્તિ : 'સાબિર' વટવા)
મિસરી :
ખુદ હું જ મારો પીછો કદી છોડતો નથી
જયાં જયાં હું જાઉં છું ત્યાં બધે હું જ હોઉં છું.
(sms: હર્ષદભાઈ જોશી)